# એસ. વી. પ્રિસ્કૂલ દ્વારા યોજાયું ઓરિએન્ટેશન



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. પ્રિસ્કૂલમાં શનિવારે વાલીઓ માટે ઓરિએન્ટેશન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શિક્ષિકોએ વાલીઓને સસ્મિત આવકાર આપી, શાળાની કાર્ય પ્રણાલી તથા શાળામાં યોજાનાર વિવિધ પ્રવૃત્તિઓ વિષે વિસ્તારથી માહિતી આપી હતી. વાલીઓએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને શાળા પરિવારના ઉત્સાહમાં વધારો કર્યો હતો.

## ગાંધીનગર જિલ્લાની દિવ્યાંગ ખેલાડીની

# રાષ્ટ્રકક્ષાની ફૂટબૉલ ચૅમ્પિયનશીપમાં પસંદગી

ગાંધીનગર, તા. ૧૬

સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત બીઆરસી માણસા ખાતે દિવ્યાંગ બાળકો માટે રિસોર્સ રૂમ કાર્યરત છે. આ રિસોર્સ રૂમના માધ્યમથી તાલુકાનાં દિવ્યાંગ બાળકોને તેમની જરૂરિયાત મુજબ વિશિષ્ટ શિક્ષકોની સહાયથી વિશિષ્ટ શિક્ષણ, પ્લે થેરાપી, મ્યુઝિક થેરાપી, ફિઝીયોથેરાપી, સ્પીચ થેરાપી, બ્રેઈલ લિપિ જેવી તાલીમ-પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે.

રિસોર્સ રૂમની વિદ્યાર્થિની પલ્લવીબેન પ્રભુદાસ સેનમા ચેન્નઈ ખાતે યોજાઈ રહેલી નેશનલ ફૂટબૉલ ચૅમ્પિયનશીપ માટે પસંદગી પામી છે. સ્પેશિયલ ઑલિમ્પિક્સ દ્વારા આ ચૅમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું છે, જેની ગુજરાત સ્ટેટ ઑફિસ, અમદાવાદ - પલ્લવીના આ સિલેક્શન માટે સહાયભૂત બની છે.



ચૅમ્પિયનશીપ માટે તેની વિદાય અગાઉ તેને તાલીમ આપનાર વિશિષ્ટ શિક્ષક પૌરિન પટેલ અને ભુપેન્દ્રસિંહ ચાવડા દ્વારા તેને શુભકામનાઓ અર્પણ કરવામાં આવી હતી.

# જન્મદિને વધામણી



મીનાબેન ભૂપેન્દ્રકુમાર શાહ



ચંદ્રિકા ખટવાણી



સોનલ હિતેન્દ્ર પુરોહિત



દિવ્યમ ગૌતમભાઈ પ્રજાપતિ
મો. ૯૯૦૪૩ ૫૪૪૫૧



પૂજન મોદી

# વિનોદ ભટ્ટનાં ત્રણ પુસ્તકોનો લોકાર્પણ સમારોહ યોજાયો







ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા શનિવારે સાંજે જે. બી. ઑડિટોરિયમ, એ. એમ. એ., આઈ. આઈ. એમ. રોડ, અમદાવાદ ખાતે 'ઈદમ્ વિનોદમ્'શીર્ષક હેઠળ વિનોદ ભટ્ટનાં ત્રણ પુસ્તકો 'ઈદમ્ ચરિત્રમ્', 'મારું વહાલું અમદાવાદ' તેમજ 'અને હવે ઈતિ-હાસ'ના લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમનો પ્રારંભ જાણીતા સંગીતકાર-ગાયક કલાકાર શ્યામલ-સૌમિલ મુનશીએ ગાયન'અમદાવાદના રસ્તા પર એવું થાય..'થી હાસ્ય-વંદના કરી.ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયના મનુભાઈ શાહે પ્રાસંગિક વક્તવ્ય આપ્યું.વિનોદ ભટ્ટ સાથેના સુમધુર સંસ્મરણોની વાત કવિ માધવ રામાનુજ, કવિ ભાગ્યેશ જહા,પત્રકાર અજય ઉમટ અને કૃષ્ણકાંત ઉનડકટે કરી. લોકાર્પણ થયેલાં પુસ્તકો વિશે હાસ્યલેખક રતિલાલ બોરીસાગર અને ઉર્વીશ કોઠારીએ વિગતે વાત કરી. વિનોદ ભટ્ટના પુત્ર સ્નેહલ ભટ્ટે આભારવિધિ કરી અને સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ રઈશ મનીઆરે કર્યુ. આ કાર્યક્રમને માણવા કોઈ પ્રવેશ ફી રાખવામાં આવી નહોતી. આ પ્રસંગે સાહિત્યકારો અને સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ધોરણ-૧૨ અને ૧૦ની પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ચાલુ શૈક્ષણિક વર્ષથી પરીક્ષા પદ્ધતિમાં ફેરફાર કર્યો છે. જેને લઈને બોર્ડ દ્વારા પ્રશ્નપત્રના પરિરૂપ, ગુણભાર અને બ્લૂ પ્રિન્ટ તૈયાર કરી છે. બોર્ડ દ્વારા તૈયાર કરાયેલી બ્લૂ પ્રિન્ટ મુજબ ધોરણ-૧૦માં હવે માત્ર ૧૬ માર્કના જ પ્રશ્નો હેતુલક્ષી રહેશે. જ્યારે ધોરણ-૧૨માં ૨૦ માર્કના પ્રશ્નો હેતુલક્ષી પૂછવામાં આવશે. બોર્ડ દ્વારા ધોરણ-૧૦ના ૮ વિષય અને ધોરણ-૧૨ના ૭ વિષયના પરિરૂપ તૈયાર કરવામાં આવ્યા છે.


પ્રાપ્ત માહિતી અનુસાર, ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૫૦ માર્કના હેતુલક્ષી પ્રશ્નોની પદ્ધતિ રદ કરી ચાલુ વર્ષથી નવી પરીક્ષા પદ્ધતિ અમલમાં મૂકી છે. નવી પરીક્ષા પદ્ધતિને લઈને બોર્ડ દ્વારા ધોરણ-૧૦ના ૮ વિષય જેમાં ગુજરાતી, અંગ્રેજી, હિન્દી, સંસ્કૃત અને સામાજિક વિજ્ઞાનનો સમાવેશ થાય છે તેના પરિરૂપ જાહેર કર્યા છે.

# ભવન્સ હોલમાં 'જીથરોભાભો' નાટક ભજવાયું

ગાંધીનગર, તા. ૧૬

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસીસ ફાઉન્ડેશન દ્વારા ''આઉટરીચ કલ્ચરલ પોગ્રામ'' શ્રેણી અંતર્ગત એક નવતર નાટકનું આયોજન ''જીથરોભાભો'' શીર્ષક સાથે કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રના લોકસાહિત્યની વાતો ખૂબ જ પ્રચલિત છે. આવી જ એક લોકવાર્તા 'જીથરોભાભો'એ જે તે સમયના લોકજીવન અને એ વખતના લોકોની અંધશ્રદ્ધા પર પ્રકાશ પાડ્યો હતો. જેમાં સાથે સાથે ભક્ત સતારના ભજન અને સ્તુતિ



પણ જોડીને રસપ્રદ રીતે રજૂઆત કરવામાં આવી હતી. અંધશ્રદ્ધા એ માત્ર જૂના જમાનાની વાત નથી, આજે પણ આપણી આસપાસ જોઇ શકાય છે કે એક નહી તો બીજા પ્રકારની અંધશ્રદ્ધા સમાજમાં ઘર કરી ગયેલી છે. એક જમાનામાં શ્રી કાનજી ભૂટા બારોટ દ્વારા કહેવાતી આકાશવાણીના કાર્યક્રમોની પ્રચલિત વાર્તાઓ પૈકીની આ એક છે. નાટક એ એક સાઠ વર્ષ આસપાસના એક વ્યક્તિ નામે જીથરોભાભોની પોતે જીવિત છે એ સાબિત કરવાની મથામણ વિશે હતું. સંજોગોના કારણે ગામ લોકો જીથરાને ભૂત માની બેઠા હતા. આ સંજોગો જીથરાને ગામ બાહર નીકળી જવા મજબૂર કરે છે. એ જેટલા જીવિત હોવાનું સાબિત કરવાના પ્રયત્ન કરે છે એટલો જ વધારે મુશ્કેલીમાં મુકાય છે. આ દરેક પ્રસંગે હાસ્ય સાથે પ્રેક્ષકને સમાજમા રહેલી અંધશ્રદ્ધા વિશે ખ્યાલ આપવા ખૂબ જ પ્રબળ સાબિત થયો હતો.

આ સમગ્ર નાટકનું દિગ્દર્શન અને સંકલન હર્ષદીપ જાડેજા દ્વારા કરવામાં આવ્યું હતું. ''જીથરાભાભા''ના મુખ્ય પાત્રમાં ધ્રુવ પંડિતને પ્રેક્ષકો વતી સ્ટેન્ડિંગ ઓવેશન પ્રાપ્ત થયું હતું ને તેમના અભિનયની પણ ખૂબ જ પ્રશંસા થઈ હતી.

શનિવારે રાત્રે ભવન્સના જે. એ. હોલમાં યોજવામાં આવેલો આ કાર્યક્રમ જાહેર જનતા માટે તદન નિશુલ્ક હતો અને ખુબ જ મોટા પ્રમાણમાં પ્રેક્ષકોએ હાજરી આપીને નાટકને વધાવ્યું હતું.

# છાંટો હોય કે ધોધમાર, વરસાદ એટલે ભીંજાવાનું ટાણું

પ્રકૃતિ હંમેશા પરિવર્તનને વશ છે. ક્યારેક ધોમધખતી ગરમી, ક્યારેક ગાત્રો થીજવતી ઠંડી, તો વળી ક્યારેક ઝરમર, તો ક્યારેક મૂશળધાર વરસતો વરસાદ. આ તમામ રૂપો જે પ્રકૃતિના છે તે આપણને સૌને ગમે છે. આદિકાળથી આ રૂપ ને કવિઓએ ધોધમાર શાહીથી કલમ દ્વારા કાગળ પર વરસાવ્યો છે. ચાલો આ રૂપ ને વરસાદની સાથે માણીએ.

મહાકવિ કાલિદાસથી લઈ આજના આધુનિક કવિઓએ આ વરસાદને પ્રેમની સાથે વણી લીધો છે. આ વરસાદએ પ્રેમમાં ભીંજાવાની ઋતુ છે. એ એકલા માણવાની ઋતુ નથી. તેની સાચી મજા સાથી જોડે જ આવે છે. ઈંટ કોન્ક્રીટના આ ઉપવનમાં વરસાદ માણવાની તક જતી કરવી કોઈને ગમતી નથી હોતી, પણ ક્યારેક વરસાદની મજા માણવા જતા લોકોને વ્યવસાય કે નોકરીએ જવું વધારે જરૂરી હોય છે. ત્યારે સાજણ અને સજનીની આ વાતને આપણા લોકગીત માં આ રીતે વણી લેવામાં આવી છે.

'આભમાં ઝીણી ઝબૂકે વીજળી
ઝીણા ઝરમર વરસે મેહ,
ગુલાબી નહી રે જવા દઉં ચાકરી
તમને વાલી તમારી નોકરી
અમને વહાલો તમારો જીવ
ગુલાબી નઈ રે જવા દઉં ચાકરી'

વરસાદમાં ભીંજાવાથી બીમાર પડી જવાય છે વળી વરસાદ વ્હાલથી દૂર કરે છે જેના કારણે નાયિકા આ રીતે વાત કરી નાયકને વરસાદમાં જતા રોકે છે પણ વરસાદના કારણે નોકરી જવાનું ટળાય નહીં અથવા તો તે પરવડે નહીં. કવિ હિતેન આનંદપરા આ વાતને કંઈક આવી રીતે કહે છે

'કામ પર જવાનું મન થાતું નથી,
નથી તો નહિ જાઉ,
બહુ જ થોડા જણને
પરવડે છે વરસાદમાં.'

ઝરમર વરસતો વરસાદ હોય કે ધોધમાર વરસતો વરસાદ હોય વરસાદમાં ભીંજાવાનું ગમે કે ન ગમે પણ પ્રિયજન સાથે હોય તો, વરસાદ હોય કે ના હોય આપણે તેના પ્રેમમાં ભીંજાઈ જઈએ છીએ. કવિ રમેશ પારેખની આ પંક્તિ ચાલો માણીએ

'અહીં આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે
મને ભીંજવે તું તને વરસાદ ભીંજવે'

પ્રિયજન આપણને તેની લાગણી માં ભીંજવી નાખે છે. આ લાગણીનો ધોધમાર વરસાદ બહુ ઓછા લોકો માણી શકે છે નહીંતર તેઓ જોડે હોય છતાં વરસાદ માણી શકતા નથી. આજ વાત કવિ રમેશ પારેખ આ રીતે કહે છે.

'આજ વરસાદ નથી એમ ના કહેવાય રમેશ
આપણી ભીંજાયા નહીં હોય.'

આપણી લાગણીઓ હાસ્ય અને રૂદનથી પરખાઈ જાય છે. કવિઓ આંસુઓને પણ વરસાદ કહે છે આ વરસાદ ક્યારે ટપકશે? અને કોને ભીંજવશે? એય ખબર નથી. આ આંખોમાં કોઈની પ્રતિક્ષા છે અને આ પ્રતિક્ષા ચાતક બની પ્રિયજનની રાહ જોઈ રહ્યા છે.

'આંખોમાં બેઠેલા ચાતક કહે છે.
મારુ ચોમાસુ ક્યાંક આસપાસ છે.'



કવિ શ્રી તુષાર શુક્લ પોતાની આ રચનામાં ચાતકની સાથે વાતને જોડી વરસાદની વાત કરી રહ્યા છે. આંખોએ હ્રદયનો સીધો રસ્તો છે. લાગણીઓ આંખથી છલકાય છે. આંખો પણ ક્યારેક વરસાદ વરસાવે છે તો ક્યારેક કોરાધાકોર પણ રાખે છે. તો વળી ઝરમર વરસતો વરસાદ પાપણ ઉપર ઊતરી આવે છે. કવિ શ્રી હરદ્વાર ગોસ્વામી કહે છે.

'વાદળ પર જે ઝરમર ક્ષણ ચિતરાવી છે.
પીછી તારી પાપણની ઉતરાવી છે.'

પણ ક્યારેક એવું પણ બને કે આપણને વરસાદની ઋતુ બહુ ગમતી હોય અને આપણા પ્રિયજનને આ ઋતુ બહુ ઓછી પસંદ આવે અને તે એમ કહી દે કે ગયા વરસે તો પલળ્યા હતા. હવે આ વરસાદમાં નથી પલળવું. આ વાતને કવિશ્રી ચિનુ મોદી આ રીતે રજુ કરે છે.

'આપણે પલળ્યા હતા સાથે ગયા વરસાદમાં.
હું પછી શું કામ પલળું આજના વરસાદ માં.'

ક્યારેક તો બસ એમ જ થયા કરે કે આ વરસાદ અંતરની આગને ઠારવા ને બદલે તેજાબી આગ પણ લગાડી જાય છે. અને આવી રીતે દાઝી જાવ તો કવિ શ્રી ભાવેશ ભટ્ટ નો આશિષ ચોક્કસ યાદ કરી લેજો.

'દાઝી ગયું તું કોઈ કારણ પૂછશો નહીં.
વરસાદ એનો એ જ છે તણખા અલગ હતા.'

પ્રિયજન સાથેના આ અબોલ ના કારણે વરસાદ આપણને આગ લગાડી દઝાડી શકે છે. ત્યારે આ અબોલા વધારે સમય આપણને પાલવી શકતા નથી. આ જ વાત કવિશ્રી હિતેન આનંદપરા આ રીતે વર્ણવે છે.

'પ્રિયજન સાથે આ અબોલા આ ઋતુમાં ક્યાં સુધી?
રીસ સાથે બે જણાએ, ઓગળે આ વરસાદમાં.'

વરસાદએ ભીંજાવાની, પલળવાની કે પછી એકબીજામાં ઓગળવાની ઋતુ છે. આ ઋતુ ખેડૂતો માટે પણ એટલી જ જરૂરી છે આખા વરસનો આધાર વરસાદ પર રહેલો છે. વરસાદ ઓછો પડે તો પણ નકામો અને વરસાદ વધુ પડે તો પણ નકામો. ખેડૂતો માટે બંને વાત નકામી છે ત્યારે કવિ શ્રી શેખાદમ આબુવાલા કહે છે

'ધરો ધીરજ વધુ પડતો પ્રણય સારો નથી હોતો
અતિ વરસાદ કંઈ ખેડૂતને પ્યારો નથી હોતો.'

કવિ શેખાદમ આબુવાલા અતિ સર્વત્ર વર્જિએત ની વાત લઈને અહીં આવે છે. આમ કવિઓ આદિકાળથી વરસાદને માણતા આવ્યા છે. મોસમનું નજરાણું કહેતા આવ્યા છે કવિ શ્રી જયંતિ પટેલ કહે છે કે,

'છાંટો હોય કે ધોધમાર
વરસાદ એટલે ભીંજાવાનું ટાણું
અમે પલળીયે, તમે પલળજો,
અને આખી તે, મોસમને નજરાઉ.'

દોસ્તો આ તમામ વાતો વરસાદની થઈ. ક્યારેક પલળવું ગમે પણ ખરું, અને ક્યારેક ના પણ ગમે. વરસાદ તો વરસાદ છે. એતો માણવાની મોસમ છે. ત્યારે બસ આટલું જ કહેવાનું મન થાય,

'પ્રકૃતિની વાત છે,
ભૂમિ નો આધાર છે,
વરસે વરસાદ તો,
અંકુર ફૂટવાની આશ છે.'


- અંકુર શ્રીમાળી

# ગાંધીજીનો વિનોદ

॥ ૫૯મો મણકો ॥

**૧૫૦ - મહાત્મા એટલે શું ?**

લંડનની એક સભામાં ગાંધીજી બોલી રહ્યા હતા ત્યારે સભામાંથી એક ભાઈ ઊભા થયા અને ગાંધીજી તરફ હાથ લંબાવી બરાડા પાડી બોલી ઊઠ્યા,




મિ. ગાંધી, હવે તમે મને કહેશો કે મહાત્મા એટલે શું ?

ગાંધીજીએ હસીને જવાબ આપ્યો,

સાહેબ, મહાત્મા એક તદ્દન બિનમહત્ત્વની વ્યક્તિ છે.

ગાંધીજીના જવાબથી સભામાં હાસ્યની લહરી પ્રસરી ગઈ.

ત્યારે બીજા પત્રકારે પૂછ્યું,

તમે સાચે જ મહાત્મા છો ?

ગાંધીજી : મને એવું લાગતું નથી.

પત્રકાર : જો એમ હોય તો મહાત્માની વ્યાખ્યા આપશો ?

ગાંધીજી : મહાત્મા શું છે તે જાણતો ન હોવાથી તેની વ્યાખ્યા કેવી રીતે આપું ?


**૧૫૧ - ડાઘુ**

ગાંધીજી ૧૯૩૭માં માંદા પડ્યા હતા. કદાચ મૃત્યુ પામે એ ડરથી ઍસોસિયેટેડ પ્રેસ ચીનથી એક પત્રકારને માંદગીનો હેવાલ લખવા મોકલ્યો હતો.

તેમને જોતાં જ ગાંધીજી જોરથી હસ્યા અને કહ્યું, તમે ડાઘુ થવા સમયસર આવી ગયા. ઠીક, પણ તમે સહેજ વહેલા આવ્યા. સ્વર્ગના દરવાજા પાસે મળવાનું આપણે માટે હજી ઘણું વહેલું છે. પણ હમણાં મારી મૃત્યુનોંધ પ્રેસમાં આપશો નહીં.

પત્રકાર તો ગાંધીજીની ગમ્મતથી થોડો ડઘાઈ ગયો. પછી ગાંધીજી ગંભીર થઈ બોલ્યા,

જ્યારે ઈશ્વર મને બોલાવે ત્યારે જવા હું તૈયાર છું પણ હું આશા રાખું કે મારું જીવનકાર્ય પૂરું ન થાય ત્યાં સુધી તે મને જીવાડશે. મારું જીવનકાર્ય હિંદને સ્વતંત્ર કરવાનું છે.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર